**Gist of RBI (Urban Co-operative Banks – Prudential Norms on Declaration of Dividends) Directions, 2025**

**પ્રાઈમરી અર્બન કોઓપરેટીવ બેન્ક દ્વારા ડિવિડન્ડ ચૂકવવા માટે ની આર.બી.આઈ ની માર્ગદર્શિકા**

**1. કાયદાકીય આધાર અને અમલ**

- આરબીઆઈ દ્વારા જાહેર હિતમાં **પ્રાઈમરી અર્બન કોઓપરેટીવ બેન્ક દ્વારા ડિવિડન્ડ ચૂકવવા માટે** ડાઇરેક્ટીવ (દિશાનિર્દેશો) **બેન્કિંગ નિયમન અધિનિયમ, 1949**ની કલમ 35A તથા કલમ 56 હેઠળ જારી કરવામાં આવ્યા છે.
- આ ડાઇરેક્ટીવ નું નામ **RBI (Urban Co-operative Banks – Prudential Norms on Declaration of Dividends) Directions, 2025** છે.
- આ દિશાનિર્દેશો તરત જ (**From 28/11/2025**) અમલમાં આવે છે.

**2. ડિવિડન્ડ જાહેર કરવાની શરતો**

**કોઈ પણ અર્બન કો-ઓપરેટિવ બેંક (UCB)** નીચે દર્શાવેલ શરતો પૂર્ણ કરતી હોય ત્યારે જ ડિવિડન્ડ જાહેર કરી શકશે:

(i) બેંકે લાગુ પડતી નિયમનાત્મક મૂડી જરૂરીયાતો (Regulatory Capital Requirement) નું પાલન કરેલું હોવું જોઈએ; એટલેકે રિઝર્વ બેન્ક દ્વારા નક્કી કરાયેલ સીઆરએઆર કરતાં ઓછો ના હોવો જોઇએ.

(ii) ડિવિડન્ડ જે નાણાકીય વર્ષ માટે જાહેર કરવાનો પ્રસ્તાવ છે તે વર્ષ માટે, રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલ ઇન્સ્પેક્શન રિપોર્ટમાં કરાયેલા મૂલ્યાંકન મુજબ જરૂરી તમામ પ્રોવિઝન સહિત, **બધી જ જરૂરી પ્રોવિઝન કર્યા બાદ નેટ એનપીએ (NNPA) રેશિયો પાંચ ટકા કરતાં ઓછો હોવો જોઈએ**;

(iii) ડિવિડન્ડ જે નાણાકીય વર્ષ માટે પ્રસ્તાવિત છે તે વર્ષ દરમિયાન **કેશ રિઝર્વ રેશિયો (CRR) તથા સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR) જાળવવામાં કોઈ પણ પ્રકારનો ડિફોલ્ટ ન થયો હોવો જોઈએ**;

(iv) **પ્રુડેન્શિયલ તથા એકાઉન્ટિંગ નોર્મ્સ મુજબ એનપીએ, રોકાણો અને અન્ય સંપત્તિ(other assets) માટે જરૂરી તમામ પ્રોવિઝન કરવામાં આવ્યા હોવા જોઈએ**; અને

(v) ડિવિડન્ડ માત્ર તે નાણાકીય વર્ષના **ચોખ્ખા નફામાંથી**, તમામ કાયદેસર તથા અન્ય પ્રોવિઝન કર્યા બાદ તથા અગાઉના સંચિત નુકસાનનું (Accumulate Losses) સંપૂર્ણ સમાયોજન કર્યા પછી જ ચૂકવવામાં આવશે.

**5. NNPA 5% થી વધુ પરંતુ 10% થી ઓછું હોય ત્યારે**

- જો UCB તમામ શરતો પૂરી કરે પરંતુ NNPA રેશિયો 5% કરતા વધુ (પણ 10% કરતા ઓછો) હોય, તો
- તે બેંકે **આરબીઆઈના સંબંધિત પ્રાદેશિક કચેરી** પાસેથી ડિવિડન્ડ જાહેર કર**વા** પૂર્વ મંજૂરી મેળવવી પડશે.

**6. વિશેષ માર્ગદર્શન**

- જો બેંકે વધારાની પ્રોવિઝન રિવર્સલ કરીને તેમાંથી, ડિવિડન્ડ ચૂકવતી હોય અથવા ભારત સરકારની ગેરંટીવાળી લોન અને સિક્યોરિટી રસીદોના ટ્રાન્સફરથી unrealised નફો થયો હોય – તો આ બાબતોમાં શું કરવું તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા 2025માં બહાર પાડવામાં આવેલા **Transfer and Distribution of Credit Risk Directions, 2025** મુજબ માર્ગદર્શન લાગુ પડશે.
- ઇક્વિટી શેર પર ડિવિડન્ડ જાહેર કરતી વખતે બેંકના બોર્ડે: ડિવિડન્ડ જાહેર કરતા પહેલા, બેંકના ડિરેક્ટર્સે બેંક પાસે હાલ કેટલી મૂડી છે અને ભવિષ્યમાં કેટલી જરૂર પડશે તે જોવું જોઈએ. સાથે જ, જરૂરી જોગવાઈઓ પૂરતી છે કે નહીં, આર્થિક પરિસ્થિતિ કેવી છે અને નફો થવાની શક્યતા કેટલી છે – આ બધું ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ.

"**7. અગાઉના દિશાનિર્દેશો રદ્દ**

- આ દિશાનિર્દેશો જારી થતાં પહેલાંના ડિવિડન્ડ સંબંધિત તમામ દિશાનિર્દેશો **રદ્દ કરવામાં આવે છે**.
- અગાઉના દિશાનિર્દેશો હેઠળ લેવામાં આવેલા પગલાં, મંજૂરીઓ અથવા કાર્યવાહી યથાવત માન્ય રહેશે.

**8. અન્ય કાયદાઓ સાથે સંબંધ**

- આ દિશાનિર્દેશો અન્ય લાગુ કાયદા, નિયમો અને આરબીઆઈના દિશાનિર્દેશોની સાથે **પૂરકરૂપે** લાગુ પડશે, તેમનું ઉલ્લંઘન નહી કરે.

**9. વ્યાખ્યા અને સ્પષ્ટતા**

- આ ડાઇરેક્ટીવ માં દર્શાવેલ વ્યાખ્યાઓ કે ડાઇરેક્ટીવના અર્થઘટન માં કોઈ મુશ્કેલી હોય તો આરબીઆઇ દ્વારા **આપવામાં આવતી સ્પષ્ટતા અંતિમ અને બંધનકર્તા** રહેશે.